આંક–૨૮

કામદાર રાજય વિમા અદાલત નં.૨ નાં ન્યાયાધીશશ્રી અશ્વિન દવે સમક્ષ,અમદાવાદ

ઈ.એસ.આઈ. અરજી નં.૨૯/૨૦૨૪

અરજદાર:– કલેરીસ હોલ્ડીંગ્સ પ્રાયવેટ લીમીટેડ,
૭ મો માળ, એ–વીંગ,
કલેરીસ કોર્પોરેટ હેડકવાટર્સ,
પરીમલ ક્રોસીંગ પાસે, એલીસબ્રીજ,
અમદાવાદ– ૩૮૦૦૦૬

–: વિરૂધ્ધ :–

સામાવાળા:– ધી રીજીયોનલ ડાયરેકટરશ્રી,
ઈ.એસ.આઈ. કોર્પોરેશન,
પંચદીપ ભવન, આશ્રમ માર્ગ,
ઈન્કમટેક્ષ સામે, અમદાવાદ–૩૮૦૦૧૪

હાજર રહયા: અરજદાર તરફે વકીલશ્રી કે.એચ. પટેલ.
સામાવાળા તરફે વકીલશ્રી જી. કે. પુરાણી.

બાબત : કામદાર રાજય વીમા ધારાની કલમ–૭૫ હેઠળ અરજી.

–: જજમેન્ટ :–

(૧) અરજદારે હાલની અરજી કામદાર રાજય વીમા ધારો, ૧૯૪૮ (કે જેનો હવે પછી ટુંકમાં 'ઈ.એસ.આઈ. એકટ' તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૭૫ મુજબ સામાવાળા વિરૂધ્ધ દાખલ કરી સામાવાળાએ ઈ.એસ.આઈ. ફાળા પેટે રૂ.૩,૮૭,૯૨૦/– ની માંગણી કરેલ છે તે ફાળો ભરવાપાત્ર નથી તેમ ઠરાવી સદર માંગણી રદ કરવાની દાદ માંગેલ છે. અરજદાર વધુમાં જણાવેલ છે કે અરજદારે સી.એસ.આર.માં (કે જેનો હવે પછી ટુંકમાં 'સી.એસ.આર.' તરીકે ઉલ્લેખ કરેલ છે) વાપરેલ રકમ રૂ.૫૯,૬૮,૦૦૦/– નો સમાવેશ ઈ.એસ.આઈ. એકટની કલમ–૨(૨૨) મુજબ પગારની વ્યાખ્યામાં થતો નથી તેમ ઠરાવી તે પર ફાળાની માંગણી પણ રદ કરવા દાદ માંગેલ છે.

(૨) અરજદારની અરજીની ટુંકી હકીકત એવી છે કે, કલેરીસ લાઈફ સાયન્સીસ લી. નામની કંપની અરજદારમાં તા.૧/૪/૨૧ થી મર્જ થવા પામેલ છે. કલેરીસ લાઈફ સાયન્સીસ લી. નામની કંપની અરજદારમાં મર્જ થતા કલેરીસ લાઈફ સાયન્સીસ લી. નામની કંપની અસ્તીત્વમાં નથી. અરજદારને ઈ.એસ.આઈ. એકટ લાગુ પડે છે. સામાવાળા ધ્વારા તા.૩/૪/૨૪ ના રોજ એક નોટીસ ઈસ્યુ કરી અરજદારે સી.એસ.આર.માં વાપરેલ રકમ રૂ.૫૯,૬૮,૦૦૦/- ને અન-એકાઉન્ટેડ પગાર ગણી તે ઉપર ઈ.એસ.આઈ. ફાળા પેટે રૂ.૩,૮૭,૯૨૦/- ની માંગણી કરેલ છે. આ અંગે અરજદારને રજુઆત કરવાની તક આપેલ હતી. અરજદારના અધિકારી સામાવાળા સમક્ષ હાજર રહી જણાવેલ કે સી.એસ.આર.ની રકમનો સમાવેશ ઈ.એસ.એકટની જોગવાઈઓ હેઠળ પગારમાં થતો નથી. અરજદારે કંપનીઝ એકટ,૨૦૧૩ ની જોગવાઈ અનુસાર સી.એસ.આર. એટલે શું? તેની ચર્ચા કરેલ હતી. સામાવાળાએ ઈ.એસ.આઈ. એકટની કલમ-૪૫(એ) હેઠળ તા.૧૫/૪/૨૪ નો હુકમ કરી અરજદારે સી.એસ.આર.માં વાપરેલ રકમ રૂ.૫૯,૬૮,૦૦૦/- પર અરજદાર ઈ.એસ.આઈ. ફાળા પેટે રૂ.૩,૮૭,૯૨૦/- ભરવા જવાબદાર છે તે મુજબનો હુકમ કરેલ છે. અરજદાર કંપનીઝ એકટ,૨૦૧૩ ની કલમ-૧૩૫ તથા સી.એસ.આર. અંગેની પોલીસીના નિયમ-૨(ઈ) તથા નિયમ-૨(એફ) ની જોગવાઈ ધ્યાને લઈ અરજદારે નફામાથી તેમની કાનુની ફરજના ભાગરૂપે વાપરવાપાત્ર રકમ વાપરેલ છે જે પગારનો ભાગ નથી. આ સંજોગોમાં અરજદાર સી.એસ.આર.ની ખર્ચેલ રકમ ઉપર ફાળો ભરવા જવાબદાર થતા નથી. અરજદારે સામાવાળાએ ઈ.એસ.આઈ. ફાળા પેટે રૂ.૩,૮૭,૯૨૦/- ની માંગણી કરેલ છે તે ફાળો ભરવાપાત્ર નથી તેમ ઠરાવી સદર માંગણી રદ કરવાની દાદ માંગેલ છે. અરજદાર વધુમાં જણાવેલ છે કે અરજદારે સી.એસ.આર.માં વાપરેલ રકમ રૂ.૫૯,૬૮,૦૦૦/- નો સમાવેશ ઈ.એસ.આઈ. એકટની કલમ-૨(૨૨) મુજબ પગારની વ્યાખ્યામાં થતો નથી તેમ ઠરાવી તે પર ફાળાની માંગણી પણ રદ કરવા દાદ માંગેલ છે.

(૩) સામાવાળા દ્વારા આંક-૧૩ થી તેમનો લેખીત જવાબ રજુ કરેલ છે જેની ટુંકી હકીકત એવી છે કે, અરજદારની અરજીની હકીકતો સત્યથી વેગળી હોઈ સામાવાળા તેનો ઈન્કાર કરે છે. સામાવાળા અરજદારની પેરા વાઈઝ હકીકતોનો ઈન્કાર કરે છે. સામાવાળા સત્ય હકીકતે જણાવે છે કે અરજદારને ઈ.એસ.આઈ એકટ લાગુ પડે છે. સામાવાળાના સોશીયલ સીકયુરીટી ઓફીસર દ્વારા તા.૨૩/૧/૨૪ ના રોજ અરજદારનું ઈન્શપેકશન કરવામાં આવેલ હતુ. ઈન્સપેકશન રીપોર્ટમાં જણાવેલ છે કે સી.એસ.આર.ના હેડ નીચે જણાવેલ રકમ રૂ.૫૯,૬૮,૦૦૦/- માં પગારની રકમ અલગ પાડી શકાય તેમ ન હોઈ પ્રોફીટ એન્ડ લોસ એકાઉન્ટ પરથી રૂ.૫૯,૬૮,૦૦૦/- ની રકમ નકકી કરી આ રકમના બીલ તથા વાઉચર રજુ કરવા જણાવેલ હતુ. અરજદાર સદર દસ્તાવેજો રજુ કરવા નિષ્ફળ જતા અરજદારને તા.૩/૪/૨૪ ના રોજની સી-૧૮ નોટીસ આપી રૂબરૂ સુનાવણીની તક આપેલ હતી. અરજદાર તરફે રૂબરૂ સુનાવણી દરમ્યાન કોઈ હાજર રહેલ નથી. સામાવાળાએ ઈ.એસ.આઈ. એકટની કલમ-૪૫(એ) હેઠળનો તા.૧૫/૪/૨૪ ના રોજનો હુકમ પસાર કરેલ છે. અરજદાર સ્વચ્છ હાથે આવેલ નથી અને ખર્ચ અંગેના દસ્તાવેજો રજુ કરેલ નથી. સામાવાળા અરજદારની અરજી કાયદેસર ટકી શકે તેમ નથી તેમ જણાવી અરજદારની અરજી રદ કરવાની દાદ માંગેલ છે.

(૪) સદર કામે અરજદાર તરફે લીસ્ટ આંક-૪ તથા લીસ્ટ આંક-૧૬ થી તેમના દસ્તાવેજો રજુ કરેલ છે. સામાવાળા તરફે લીસ્ટ આંક-૧૪ થી તેમના દસ્તાવેજો રજુ કરેલ છે.

અરજદાર તરફેના સાહેદ ચીરાગભાઈ ભાર્ગવકુમાર ભટ્ટનું આંક-૨૨ થી જુબાનીરૂપી સોગંદનામુ રજુ કરેલ છે જે પરત્વે સામાવાળા તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે.

અરજદાર તરફે આંક-૨૫ થી તથા સામાવાળા તરફે આંક-૨૭ થી પોતપોતાનો મૌખિક પુરાવો લેવાનો હકક બંધ જાહેર કરેલ છે.

અરજદારનાં વકીલશ્રી કે.એચ. પટેલ તથા સામાવાળા તરફે વકીલશ્રી જે.કે. પુરાણીને સાંભળ્યા.

(૫) અરજદારનાં વકીલશ્રી કે.એચ. પટેલ તેમની દલીલમાં અરજીની હકીકતોનું પુનરાવર્તન કરી ભારપુર્વક જણાવે છે કે કંપનીઝ એકટ,૨૦૧૩ ની કલમ–૧૩૫ તથા સી.એસ.આર. અંગેની પોલીસીના નિયમ–૨(ઈ) તથા નિયમ–૨(એફ) ની જોગવાઈ ધ્યાને લઈ અરજદારે નફામાથી તેમની કાનુની ફરજના ભાગરૂપે વાપરવાપાત્ર રકમ વાપરેલ છે જે પગારનો ભાગ નથી. આ સંજોગોમાં અરજદાર સી.એસ.આર.ની ખર્ચેલ રકમ ઉપર ફાળો ભરવા જવાબદાર થતા નથી. અરજદારે સામાવાળાએ ઈ.એસ.આઈ. ફાળા પેટે રૂ.૩,૮૭,૯૨૦/– ની માંગણી કરેલ છે તે ફાળો ભરવાપાત્ર નથી તેમ ઠરાવી સદર માંગણી રદ કરવાની દાદ માંગેલ છે.

(૬) સામાવાળા તરફે વકીલશ્રી જે.કે. પુરાણી તેમની દલીલમાં જણાવે છે કે અરજદાર પાસે સી.એસ.આર.ની ખર્ચેલ રકમ અંગેના દસ્તાવેજો રજુ કરવા જણાવેલ હોવા છતાં અરજદારે સદર દસ્તાવેજો રજુ કરેલ નથી. અરજદારની સી–૧૮ નોટીસ આપી રૂબરૂ સુનાવણીની તક આપેલ હતી. અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી કે દસ્તાવેજો રજુ કરેલ નથી. સામાવાળાએ ઈ.એસ.આઈ. એકટની જોગવાઈઓનું પાલન કરી ફાળાની માંગણી કરતો ઈ.એસ.આઈ.એકટની કલમ–૪૫(એ) હેઠળનો હુકમ કરેલ છે. સામાવાળા અરજદારની અરજી રદ કરવા જણાવે છે.

(૭) અદાલત ધ્વારા આંક–૨૦ થી નકકી કરેલ નીચે મુજબનાં મુદ્દાઓ મારા ન્યાય નિર્ણય અર્થે ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર એ સાબિત કરે છે કે, અરજદાર કંપની પાસેથી કોર્પોરેશન ધ્વારા માંગવામાં આવેલ રકમનો ઈ.એસ.આઈ. એકટની જોગવાઈઓ મુજબની પગારની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી ?

(૨) શું અરજદાર એવું પુરવાર કરે છે કે, અરજદારને બચાવની પુરતી તક આપ્યા બાદ સદરહું રીકવરી નોટીસ ઈસ્યુ કરેલ છે?

(૩) શું સામાવાળા પુરવાર કરે છે કે કલમ–૪૫(એ) હેઠળ કરવામાં આવેલ

હુકમ મુજબની રકમ ભરવા અરજદાર જવાબદાર છે ?

(૪) શું અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ?

ઉપરોકત જણાવેલ મુદ્દાઓનો મારો જવાબ નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) નકારમાં.

(૪) હકારમાં.

(૫) આખરી હુકમ મુજબ.

(૮) **-: કારણો :-**

મુદ્દા નં.૧ :

(એ) સામાવાળાના સોશીયલ સીકયુરીટી ઓફીસર ધ્વારા અરજદારનુ તા.૨૩/૧/૨૪ ના રોજ ઈન્સપેકશન કરવામાં આવેલ હતુ. સદર ઈન્સપેકશન રીપોર્ટ નિ.૧૪/૧ થી રજુ છે.

સદર ઈન્સપેકશન રીપોર્ટમાં સને ૨૦૧૮-૧૯ ના વર્ષ માટે સી.એસ.આર.ના ખર્ચ રૂ.૫૯,૬૮,૦૦૦/- કે જેના પગારનો ભાગ જુદો કરી શકાય તેમ નથી તે ઉપર ફાળો ભરવાપાત્ર થાય છે તેમ જણાવવામાં આવે છે. સદર ખર્ચ પ્રોફિટ એન્ડ લોસ એકાઉન્ટની નોંધ-૨૨ ઉપર ઉલ્લેખિત છે તેમ દર્શાવવામાં આવેલ છે.

અરજદારનો સને ૨૦૧૮-૧૯ નો એન્યુઅલ રીપોર્ટ નિ.૧૬/૧ થી રજૂ છે જેને પાના નં.-૬૩ ઉપર નોટ-૨૨ માં અધર એકસપેન્સીસનો ઉલ્લેખ કરેલ છે જેમાં સી.એસ.આર.ના ખર્ચ પેટે રૂ.૫૯,૬૮,૦૦૦/- દર્શાવેલ છે.

સદર રીપોર્ટના પાના નં-૩૧ ઉપર ડાયરેકટરના રીપોર્ટમાં સી.એસ.આર. તરીકે કયા સેકટરમાં કઈ જગ્યાએ નાણા ખર્ચવામાં આવેલ છે તેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદર નાણાં સોશીયલ સર્વિસ માટે વાપરવામાં આવેલ હોવાનું જણાય છે જેના બેનિફિસીયરી સંસ્થા હોઈ શકે છે.

(બી) કંપનીઝ એક્ટ,૨૦૧૩ ની કલમ –૧૩૫ માં સી.એસ.આર.ની જોગવાઈ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

35. Corporate Social Responsibility.—(1) Every company having net worth of rupees five hundred crore or more, or turnover of rupees one thousand crore or more or a net profit of rupees five crore or more during [2][the immediately preceding financial year] shall constitute a Corporate Social Responsibility Committee of the Board consisting of three or more directors, out of which at least one director shall be an independent director:

[3][Provided that where a company is not required to appoint an independent director under sub-section (4) of section 149, it shall have in its Corporate Social Responsibility Committee two or more directors.]

(2) The Board's report under sub-section (3) of section 134 shall disclose the composition of the Corporate Social Responsibility Committee.

(3) The Corporate Social Responsibility Committee shall,—

(a) formulate and recommend to the Board, a Corporate Social Responsibility Policy which shall indicate the activities to be undertaken by the company [4][in areas or subject, specified in Schedule VII];

(b) recommend the amount of expenditure to be incurred on the activities referred to in clause (a); and

(c) monitor the Corporate Social Responsibility Policy of the company from time to time.

(4) The Board of every company referred to in sub-section (1) shall,—

(a) after taking into account the recommendations made by the Corporate Social Responsibility Committee, approve the Corporate Social Responsibility Policy for the company and disclose contents of such Policy in its report and also place it on the company’s website, if any, in such manner as may be prescribed; and

(b) ensure that the activities as are included in Corporate Social Responsibility Policy of the company are undertaken by the company.

(5) The Board of every company referred to in sub-section (1), shall ensure that the company spends, in every financial year, at least two per cent. of the average net profits of the company made during the three immediately preceding financial years, 5[or where the company has not completed the period of three financial years since its incorporation, during such immediately preceding financial years,] in pursuance of its Corporate Social Responsibility Policy:

Provided that the company shall give preference to the local area and areas around it where it operates, for spending the amount earmarked for Corporate Social Responsibility activities:

Provided further that if the company fails to spend such amount, the

Board shall, in its report made under clause (o) of sub-section (3) of section 134, specify the reasons for not spending the amount

[1][and, unless the unspent amount relates to any ongoing project referred to in sub-section (6), transfer such unspent amount to a Fund specified in Schedule VII, within a period of six months of the expiry of the financial years].

[2][Provided also that if the company spends an amount in excess of the requirements provided under this sub-section, such company may set off such excess amount against the requirement to spend under this sub-section for such number of succeeding financial years and in such manner, as may be prescribed.]

[3][Explanation.—For the purposes of this section "net profit" shall not include such sums as may be prescribed, and shall be calculated in accordance with the provisions of section 198.]

[4][(6) Any amount remaining unspent under sub-section (5), pursuant to any ongoing project, fulfilling such conditions as may be prescribed, undertaken by a company in pursuance of its Corporate Social Responsibility Policy, shall be transferred by the company within a period of thirty days from the end of the financial year to a special account to be opened by the company in that behalf for that financial year in any scheduled bank to be called the Unspent Corporate Social Responsibility Account, and such amount shall be spent by the company in pursuance of its obligation towards the Corporate Social Responsibility Policy within a period of three financial years from the date of such transfer, failing which, the company shall transfer the same to a Fund specified in Schedule VII, within a period of thirty days from the date of completion of the third financial year.

[5][(7) If a company is in default in complying with the provisions of sub-section (5) or sub-section (6), the company shall be liable to a penalty of twice the amount required to be transferred by the company to the Fund specified in Schedule VII or the Unspent Corporate Social Responsibility Account, as the case may be, or one crore rupees, whichever is less, and every officer of the company who is in default shall be liable to a penalty of one-tenth of the amount required to be transferred by the company to such Fund specified in Schedule VII, or the Unspent Corporate Social Responsibility Account, as the case may be, or two lakh rupees, whichever is less.]

(8) The Central Government may give such general or special directions to a company or class of companies as it considers necessary to ensure compliance of provisions of this section and such company or class of companies shall comply with such directions.]

[6][(9) Where the amount to be spent by a company under sub-section (5) does not exceed fifty lakh rupees, the requirement under sub-section (1) for constitution of the Corporate Social Responsibility Committee shall not be applicable and the functions of such Committee provided under this section shall, in such cases, be discharged by the Board of Directors of such company.]

કાયદાની ઉપરોકત જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો જે કંપનીની નેટવર્થ ૫૦૦ કરોડ કે તે ઉપરાંતની હોય અથવા ટર્ન ઓવર ૧૦૦૦ કરોડ કે તેથી વધુ હોય કે જે કંપનીનો નફો ૫ કરોડ ઉપરાંતનો હોય તેઓએ સી.એસ.આર. કમીટીની રચના કરવાની હોય છે અને આવી કંપની દરેક નાણાકીય વર્ષમાં તેના નેટ પ્રોફિટની ૨% રકમ સી.એસ.આર. તરીકે તેમની પોલીસી કે જેનો ઉલ્લેખ શીડયુલ– ૭ માં જણાવેલ છે તે એકટીવીટી માટે વાપરવાની હોય છે.

કંપનીઝ એકટ, ૨૦૧૩ ના કલમ–૧૩૫ હેઠળના શીડયુલ–૭, નિ.૧૬/૨ થી રજુ છે.સદર શીડયુલ વંચાણે લેવામાં આવે તો કંપનીએ સામાજીક જવાબદારી નિભાવવાના હેતુસર સામાજીક કલ્યાણના કામ માટે તેના પ્રોફીટનો ઉપયોગ કરવાનો રહે છે.

(સી) ઈ.એસ.આઈ. એકટની કલમ–૨(૨૨) માં ''વેતન'' ની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

2(22) "wages" means all remuneration paid or payable in case to an employee, if the terms of the contract of employment, express or implied, were fulfilled and includes(any payment to an employee in respect of any period of authorised leave, lock-out, strike which is not illegal or lay-off and)other additional remuneration, if any, (paid at intervals not exceeding two months), but dose nor include -

(a) any contribution paid by the employer to any pension fund or provident fund, or under this Act.,

(b) any traveling allowance or the value of any traveling concession,

(c) any sum paid to the person employed to defray special expenses entailed on him by the nature of his employment; or

(d) any gratuity payable on discharge.

વેતનની ઉપરોકત વ્યાખ્યાને ધ્યાને લેવામાં આવે તો નોકરીના કરારની ચોકકસ કે ગર્ભીત શરતો અનુસાર શ્રમયોગીને અપાતા કે આપવાના થતા રોકડમાં અપાતા તમામ મહેનતાણાને વેતન કહેવામાં આવે છે. જેમાં અધિકૃત રજા, તાળાબંધી અને કાયદેસર છે તેવી હડતાળ કે લે–ઓફ અને બે મહિનાથી વધુ નહીં તેવા આપવા વધારાના મહેનતાણા અન્વયે કામદારને આપવાની થતી રકમનો સમાવેશ થાય છે.

વેતનમાં પ્રોવિડન્ટ ફંડ કાયદા હેઠળ કામદારે આપેલ ફાળો કે કોઈપણ મુસાફરી ભથ્થું કે કોઈ મુસાફરી છુટછાટની કિંમત કે ગ્રેજયુઈટીની રકમનો સમાવેશ થતો નથી.

(ડી) અરજદારે કંપનીઝ એકટ,૨૦૧૩ ના કલમ-૧૩૫ ની જોગવાઈ અનુસાર સી.એસ.આર. તરીકે રૂ.૫૯,૬૮,૦૦૦/- નો ખર્ચ કરેલ છે. આ ખર્ચ શીડયુલ - ૭ માં જણાવેલ સામાજીક જવાબદારીના ભાગરૂપે હોઈ શકે છે. સદર ખર્ચ સામાન્ય અર્થમાં દાન સમકક્ષ ગણી શકાય તેમ છે અને સદર રકમ કોઈ એક સંસ્થા કે જુદી જુદી સંસ્થાઓને સહાય તરીકે ચુકવવામાં આવેલ હોય તે બનવાજોગ છે. આ સંજોગોમાં સી.એસ.આર. તરીકે ચુકવેલ રકમને ઈ.એસ.આઈ. એકટની કલમ-૨ (૨૨) મુજબ વેતન ગણી શકાય તેમ નથી. આ સંજોગોમાં અરજદાર દ્વારા સી.એસ.આર. તરીકે ચુકવેલ રકમ રૂ.૫૯,૬૮,૦૦૦/- નો સમાવેશ ઈ.એસ.આઈ. એકટની કલમ-૨(૨૨) મુજબ વેતનની વ્યાખ્યામાં થતો નથી તે મુજબ હું ઠરાવું છું. સદર સંજોગોમાં **મુદા નં.૧** નો મારો જવાબ **નકારમાં** છે.

મુદ્દા નં.૨ :

(ઈ) અરજદારના સાહેદ ચીરાગભાઈ ભાર્ગવકુમાર ભટ્ટ તેમના આંક-૨૨ ના જુબાનીરૂપી સોગંદનામાની ઉલટતપાસમાં જણાવે છે કે

''એ વાત ખરી છે કે કોર્પોરેશને સી-૧૮ તા.૦૩ /૦૪/૨૦૨૪ નારોજની નોટીસ મોકલેલી જે અમને મળી ગયેલી. એ વાત ખરી છે કે ઈન્સ્પેકશન અને આ નોટીસ વચ્ચે ત્રણ મહિનાનો સમયગાળો હતો. એ વાત ખરી છે કે સદર નોટીસમાં તા.૧૫/૦૪/૨૦૨૪ ના રોજ જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવા જાણ કરેલી. એ વાત ખરી છે કે ત્યારબાદ કંપનીએ તા.૧૯ /૦૪/૨૦૨૪ ના રોજ પત્ર લખી સી.એસ.આર ખર્ચ અંગેની જાણ કરેલી. એ વાત ખરી છે કે તા.૧૯ /૦૪/૨૦૨૪ ના પત્રમાં કંપની તરફે તા.૧૫/૦૪/૨૦૨૪ ના રોજ કેમ હાજર ન રહેલા તેનો કોઈ ખુલાસો કરેલ નથી. એ વાત ખરી છે કે તા.૧૯ /૦૪/૨૦૨૪ ના પત્ર સાથે કોઈ દસ્તાવેજી પૂરાવા મોકલેલ ન હતા. એ વાત ખરી છે કે ઈન્સ્પેકશન બાદ જરૂરી પૂરાવા રજૂ કરવા પૂરતો સમય અને તક આપવામાં આવેલી. એ વાત ખરી છે કે ત્યારબાદ તા.૧૫/૦૪/૨૦૨૪ ના રોજ કોર્પોરેશન દ્વારા કલમ-૪૫(એ) અન્વયે કરવામાં આવેલ હુકમ કંપનીને મળી ગયેલો. એ વાત ખરી છે કે કલમ-૪૫(એ) નો હુકમ મળ્યાં બાદ નિયત સમયમાં કલમ-૪૫(એએ) મુજબની અપીલની કાર્યવાહી કરેલ નથી.''

અરજદારના સાહેદની ઉપરોકત જુબાની પરથી સામાવાળા ધ્વારા અરજદારને બચાવની પુરતી તક આપ્યા બાદ રીકવરી નોટીસ ઈસ્યુ કરેલ હોવાની હકીકત પુરવાર થતી હોઈ **મુદા નં.ર** નો મારો જવાબ **હકારમાં** છે.

<u>મુદ્દા નં.૩</u> :

(એફ) અરજદાર ધ્વારા સી.એસ.આર. તરીકે ચુકવેલ રકમ રૂ.પ૯,૬૮,૦૦૦/– નો સમાવેશ ઈ.એસ.આઈ. એકટની કલમ–ર(રર) મુજબ વેતનની વ્યાખ્યામાં થતો નથી તે મુજબ ઠરાવવામાં આવેલ છે.

સી.એસ.આર. તરીકે ચુકવેલ રકમ રૂ.પ૯,૬૮,૦૦૦/– નો સમાવેશ વેતનની વ્યાખ્યામાં થતો ન હોઈ અરજદાર સદર રકમ પર ફાળાની રકમ ભરપાઈ કરવા કાયદેસર જવાબદાર થતા નથી. સદર સંજોગોમાં સી.એસ.આર. તરીકે ચુકવેલ રકમ રૂ.પ૯,૬૮,૦૦૦/– પર ફાળાની માંગણી કરતો સામાવાળાનો ઈ.એસ.આઈ. એકટની કલમ–૪પ(એ) હેઠળનો હુકમ ગેરકાયદેસર હોઈ અરજદાર માંગણી કર્યા અનુસાર ફાળાની રકમ રૂ.૩,૮૭,૯ર૦/– ભરપાઈ કરવા કાયદેસર જવાબદાર થતા નથી તે મુજબ હું ઠરાવું છું. સદર સંજોગોમાં **મુદ્દા નં.૩** નો મારો જવાબ **નકારમાં** છે.

<u>મુદ્દા નં.૪</u> :

(જી) સી.એસ.આર. તરીકે ચુકવેલ રકમ રૂ.પ૯,૬૮,૦૦૦/– નો સમાવેશ ઈ.એસ.આઈ. એકટની કલમ–ર(રર) મુજબ વેતનની વ્યાખ્યામાં થતો ન હોઈ સામાવાળાનો ઈ.એસ.આઈ. એકટની કલમ–૪પ(એ) હેઠળનો ફાળાની માંગણી કરતો હુકમ ગેરકાયદેસર ઠરાવેલ છે તેમજ અરજદાર ફાળાની રકમ રૂ.૩,૮૭,૯ર૦/– ભરપાઈ કરવા કાયદેસર જવાબદાર થતા નથી તે મુજબ ઠરાવેલ છે. સદર સંજોગોમાં અરજદાર હાલની અરજીમાં માંગેલ દાદ મેળવવા કાયદેસર હકકદાર થતા હોઈ અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે. સદર સંજોગોમાં **મુદ્દા નં.૪** નો મારો જવાબ **હકારમાં** છે.

ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર સદર કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-: હુકમ :-

(૧) અરજદારની ઈ.એસ.આઈ. અરજી નં.૨૯/૨૦૨૪ મંજુર કરવામાં આવે છે.

(૨) સામાવાળાનો ઈ.એસ.આઈ. એકટની કલમ-૪૫(એ) હેઠળનો ફાળાની માંગણી કરતો તા.૧૫/૦૪/૨૪ ના રોજનો હુકમ ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે. અરજદાર ફાળાની રકમ રૂ.૩,૮૭,૯૨૦/- ભરપાઈ કરવા કાયદેસર જવાબદાર થતા નથી તે મુજબ ઠરાવવામાં આવે છે.

(૩) સામાવાળાએ આ અરજીના ખર્ચ પેટે રૂ.૨૫૦૦/-(રૂપિયા બે હજાર પાંચસો પુરા) અરજદારને ચુકવી આપવા.

(૪) સદર હુકમ ખુલ્લી અદાલતમાં આજરોજ જાહેર કરવામાં આવ્યો.

Digitally signed by
ASHVINKUMAR ANILKUMAR DAVE
Reason: JUDGEMENT
at AHMEDABAD
on 18/07/2026 16:19:38 IST.

તા.૧૮-૦૭-૨૬
સ્થળ:અમદાવાદ.

(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ : જીજે ૦૦૭૭૬
ન્યાયાધીશ
કામદાર રાજય વિમા અદાલત,
અમદાવાદ.

એસ.જી.રામાણી,પી.એસ.